## હોળીના રંગો માટે કેસૂડાના ફૂલોનું વેચાણ



■ કેસૂડોનો રંગનો ઉમંગ: આગામી હોળી-ધૂળેટીની તૈયારીઓના ભાગરૂપે હાલ શહેરમાં રંગોનું વેચાણ થઈ રહ્યું છે, ત્યારે રસ્તામાં એક ડોશીમાં કેસૂડાના ફૂલનું વેચાણ કરી પેટીયું રળી રહી છે. **(તસવીર: સતીષ જાદવ)**

# સુરત એસ.ટી. ડેપોની ગંદકીના મુદ્દે કોન્ટ્રાક્ટરને નોટિસ

**નોટિસ** આપ્યા પછી તંત્ર કયા પગલાં ભરે છે તે જોવું રહ્યું

### નોટિસના નામો પડદો પાડવાનો પ્રયાસ

આ અંગે ડેપો મેનેજર કે.એચ. નાયે જણાવ્યું હતું કે ગંદકી દૂર કરી દેવામાં આવી છે અને ખરાબ ટોયલેટનું રિપેરિંગ પણ પૂર્ણ થયું છે. કોમલ એન્ટરપ્રાઇઝને નોટિસ ફટકારવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું.

સુરતઃ શહેરના હૃદય સ્થાને આવેલ અને દક્ષિણ ગુજરાતનું મુખ્ય મથક ગણાતા સુરત એસ.ટી. ડેપોમાં ફેલાયેલી અસહ્ય ગંદકી અને દુર્ગંધ મુદ્દે આખરે તંત્રની 'કુંભકર્ણી નિંદ્રા' ઉડી છે. જોકે, આ સમગ્ર પ્રકરણમાં તંત્રની કાર્યવાહીના માત્ર 'નોટિસ' પૂરતી સીમિત રહી હોવાની હકીકત સામે આવતા અનેક પ્રશ્નો ઉભા થયા છે.

મુસાફરો માટે બનાવાયેલા શૌચાલયો નરકાગારમાં ફેરવાઈ ગયા હતા. તૂટેલા ટોયલેટ, ગંદકીના ઢગલા અને અસહ્ય દુર્ગંધને કારણે મુસાફરોને ઊભા રહેવું પણ મુશ્કેલ બનતું હતું. સ્વચ્છ ભારતના દાવાઓ વચ્ચે આ ડેપો ની હાલત તંત્રની



સફાઈ માટે કરોડો ચૂકવાય છે, છતાં સુરત ST ડેપો પર બદતર ગંદકી

તા.20-2-2026ના રોજ ગુજરાતમિત્રમાં છપાયેલો અહેવાલ

બેદરકારી નો જીવંત દાખલો પુરવાર થઈ રહી હતી. ડેપોની સફાઈ ની જવાબદારી સંભાળતી એજન્સી 'કોમલ એન્ટરપ્રાઈઝ' સામે અગાઉ પણ ફરિયાદો ઉઠી હતી. કરોડો રૂપિયાના ટેન્ડર હોવા છતાં માત્ર કાગળ પર જ સફાઈ દર્શાવવામાં આવતી હોવાના આક્ષેપો લાંબા સમયથી થઈ રહ્યા હતા. પરંતુ તંત્ર દ્વારા ક્યારેય કડક દંડાત્મક પગલાં લેવામાં આવ્યા ન હતા. અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ 48 કલાકમાં જ સફાઈ કામદારોનો કાફલો ડેપોમાં ઉતારવામાં આવ્યો હતો. વર્ષોથી અસ્પર્શિત રહેલા શૌચાલયોની કુંડીઓ સાફ કરવામાં આવી, તૂટેલા ટોયલેટનું સમારકામ કરવામાં આવ્યું અને ડેપોને 'ચમકાવવાનો' પ્રયત્ન કરાયો. આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, અપાયેલી નોટિસ માત્ર "સ્વચ્છતા જાળવવા સૂચના" પૂરતી મર્યાદિત છે. અગાઉ પણ આવી નોટિસો આપવામાં આવી હોવા છતાં પરિસ્થિતિ યથાવત રહી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### બેંક ઓફ બરોડા દ્વારા ભવ્ય MSME ગ્રાહક આઉટરીચ મીટિંગ યોજાઈ



સુરતઃ ભારતની અગ્રણી જાહેર ક્ષેત્રની બેંકોમાંની એક, બેંક ઓફ બરોડાએ 18 ફેબ્રુઆરી, 2026 ના રોજ સુરતના હોટેલ રીજેન્ટા - ધ વર્લ્ડ ખાતે બેંકના પ્રતિષ્ઠિત અને આદરણીય ગ્રાહકો સાથે એક ખાસ 'MSME ગ્રાહક આઉટરીચ મીટિંગ'નું આયોજન કર્યું હતું, જેમાં બેંક ઓફ બરોડાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર લાલ સિંહની ઉપસ્થિતિમાં અને બેંક ઓફ બરોડા, સુરત ઝોનના જનરલ મેનેજર અને ઝોનલ હેડ કૃષ્ણ કુમાર સિંહની અધ્યક્ષતામાં ભાગ લીધો હતો. કાર્યક્રમના સંકલનમાં બેંક ઓફ બરોડાના ડેપ્યુટી જનરલ મેનેજર નિર્મલ પટેલ અને બેંક ઓફ બરોડાના ડેપ્યુટી જનરલ મેનેજર પ્રેમ સિંહ નેગીનો સહયોગ નોંધપાત્ર રહ્યો. આ પ્રસંગે બેંક ઓફ બરોડાના સુરત શહેર-1 પ્રાદેશિક વડા મુકેશ નવલ, સુરત શહેર-2 પ્રાદેશિક વડા રાજેશ ફુલવાણી, સુરત જિલ્લા પ્રાદેશિક વડા આદર્શ કુમાર, વલસાડ પ્રાદેશિક વડા લલિત બરડિયા, નવસારી પ્રાદેશિક વડા સતીશ ગુપ્તા, સહિત અન્ય અધિકારીઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા.

### મનપાના રાષ્ટ્રીય પુસ્તક મેળામાં મીનુ પરબીયા તા.24ના રોજ વ્યાખ્યાન આપશે

સુરતઃ સુરત મહાપાલિકા દ્વારા તા.૨૨/૦૨/૨૦૨૬ થી તા.૦૧/૦૩/૨૦૨૬ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે આયોજીત 'સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા, રાષ્ટ્રીય બાગાયત મેળો અને શિલ્પ ગ્રામ મેળામાં જાણીતા શિક્ષણવિદ્ તેમજ વનસ્પતિ વિજ્ઞાન, બાયોટેકનોલોજી અને હર્બલ ઉપચાર માટેના સંશોધક મીનુ પરબીયાના આગામી તા.૨૪/૦૨/૨૦૨૬ના રોજ સાંજે : 5.00 કલાકે 'વનસ્પતિ અને તંદુરસ્તી' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

### 'સુરત આર્ટ સ્ટ્રીટ ૨૦૨૬' કલા ઉત્સવનો શુભારંભ કરાયો



સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી અને સાર્વજનિક યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦થી રાત્રે ૧૦:૦૦ કલાક દરમિયાન સ્કેટ કોલેજના એમ્ફી થિયેટર, અઠવાલાઇન્સ, સુરત ખાતે સુરતના કલા પ્રેમીઓ માટે આકર્ષક અને અનોખો સાંસ્કૃતિક મહોત્સવ 'સુરત આર્ટ સ્ટ્રીટ ૨૦૨૬' કલા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો શનિવારથી શુભારંભ થયો હતો. આ કલા ઉત્સવનું સુરતના મેયર દક્ષેશ માવાણીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરત શહેર ભાજપના પ્રમુખ પરેશ પટેલે મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા.

### ધારાસભ્ય સંદીપ દેસાઈની ગ્રાન્ટમાંથી સ્મીમેરને અપાયેલી એમ્બ્યુલન્સનું લોકાર્પણ

સુરતઃ ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈની ગ્રાન્ટમાંથી રૂ.૩૫ લાખના ખર્ચે સ્મીમેર હોસ્પિટલ માટે અદ્યતન એડવાન્સ લાઇફ સપોર્ટ એમ્બ્યુલન્સ આપવામાં આવી છે. આ એમ્બ્યુલન્સ માટે ખાસ કિસ્સામાં સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ ALS એમ્બ્યુલન્સ કાર્ડિયાક અરેસ્ટ, સ્ટ્રોક, ગંભીર ઇજા અને શ્વાસની તકલીફ જેવી આપાતકાલીન પરિસ્થિતિમાં પરિવહન દરમિયાન જ આધુનિક સારવાર આપી દર્દીનું જીવન બચાવવામાં મદદરૂપ બનશે. સમયસર પ્રી-હોસ્પિટલ સારવાર અને સુરક્ષિત પરિવહનથી ટાળી શકાય તેવા મોતના કિસ્સાઓમાં ઘટાડો થવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ ધારાસભ્ય દ્વારા નવી સિવિલ હોસ્પિટલ માટે BLS એમ્બ્યુલન્સ તથા અન્ય આરોગ્ય સુવિધાઓ માટે ખાસ અનુદાન મંજૂર કરાવવામાં આવ્યું હતું.

### પંચમ્ ગ્રુપ અને વૈષ્ણવ વરિષ્ઠ પરિવાર દ્વારા ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત શ્રી વૈષ્ણવ વરિષ્ઠ પરિવારના ઉપક્રમે પંચમ ગ્રૂપ ઓફ મ્યુઝિક દ્વારા ૩૬૦મો ફિલ્મી ગીતોનો કાર્યક્રમ બદ્રીનારાયણ હોલ અડાજણ ખાતે ૧૯મી ફેબ્રુઆરીના યોજાયો હતો. જેમાં રિધ્ધિશકુમાર, નરેન્દ્ર પટેલ, કેતકી ભટ્ટ, કિશન ભટ્ટ, રીમા શર્મા, આશિષ દારૂવાલા, પૂનમ કિશનાની, દિપક ગાલિયાવાલાએ ફિલ્મી ગીતો રજુ કર્યા હતા. પ્રમુખ કિરીટભાઇ પચ્ચીગર અને કિશોરભાઈ ટેલરે કલાકારોનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન જય વ્યાસે કર્યું હતું.

### આજે યશોવર્મસૂરિજી મહારાજને ગચ્છાધિપતિની પદવી એનાયત કરાશે

સુરતઃ આપણી સંસ્કૃતિ આપણો દેશ ગુરૂપ્રધાન રહ્યો છે. રામના માથેય ગુરૂ હતા તો રાજા કુમારપાળના માથેય ગુરૂ હતા પણ ગુરૂસંસ્થાના મૂળમાં માતા-પિતા છે. એમણે જ પોતાના સંતાનોને ધર્મશાસનને સોંપ્યા - સમર્પિત કર્યા. એટલે આજે એ ધન્ય રત્નકુક્ષી માતા-પિતાજેમણે પોતાના દિકરા-દિકરીને શાસનને આપ્યા છે એ ધન્ય રત્નકુક્ષી માતા-પિતાના બહુમાનનો રજવાડી કાર્યક્રમ ગચ્છાધિપતિ આ. અભયદેવસૂરીશ્વરજી મહારાજાની પાવન નિશ્રામાં નૂતન ગચ્છાધિપતિ બનનારા આ. યશોવર્મસૂરીશ્વરજી મહારાજાના પદપ્રદાન નિમિત્તે ઐતિહાસિક કાર્યક્રમ થયો હતો. ભક્તિ સંધ્યામાં૩ હજારથી વધુ યંગસ્ટરોએ ૧૨ વાગ્યા સુધી ધૂમ મચાવીને બાલસિંગરો માટે વન્સમોરના નારા લગાવી પ્રભુ ભક્તિમાં ઝુમી ઉઠ્યા હતા. વેરી ફર્સ્ટ ટાઈમ લોન્ચ થનારા સિકંદર ને સિકંદરના ડ્રામા માટે સુરતવાલાઓએ દેશના અનેક પ્રદેશોથી પધારેલા ભાવિકો એ હાઉસ ફૂલનો માહોલ સર્જ્યો હતો. આજે ઐતિહાસિક ગચ્છાધિપતિ પદવી જેમાં ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી આદિ અનેક મંત્રીઓ કેબીનેટ મંત્રી મહારાષ્ટ્રના મંત્રીઓ પણ પધારશે.

# ગ્લોબલ ટેક્સટાઈલ માર્કેટના વેપારી સાથે રૂપિયા 41.24 લાખની છેતરપિંડી

**યુપી**-દિલ્હીના પાંચ વેપારીઓએ ઉધારીમાં માલ લઈ પેમેન્ટ કર્યુ નહીં, ફોન બંધ કરી સંપર્ક તોડી દીધો

સુરત : વરાછા ગ્લોબલ ટેક્સટાઈલ માર્કેટમાં વેપાર કરતા ભટાર ચાર રસ્તા મધુરમ એપાર્ટમેન્ટમાં રહેતા એક વેપારી સાથે રૂપિયા 41.24 લાખની છેતરપિંડી થયાનો બનાવ સામે આવ્યો છે.

ભટાર ચાર રસ્તા સ્થિત મધુરમ એપાર્ટમેન્ટમાં રહેતા સંતોષકુમાર શ્રી કિશન લાહોટી (ઉ.વ. 50), જે વરાછા ગ્લોબલ ટેક્સટાઈલ માર્કેટમાં "બાલાજી ફેબ્રિક્સ" નામે દુકાન ધરાવે છે, તેઓએ ગત તા. 01/10/2024ના રોજ આરોપી રાજેન્દ્રપ્રસાદ, માલિક એ.આર. એન્ટરપ્રાઈઝ, ઇંદિરાપુરમ ગાજીયાબાદ (યુ.પી.)ની વાતો પર વિશ્વાસ મૂકી વેપાર શરૂ કર્યો હતો. આરોપીએ સમયસર પેમેન્ટ ચુકવવાની ખાતરી આપી હતી. આરોપીઓએ અલગ-અલગ વેપારીઓ મારફતે કુલ રૂપિયા 41,24,009નો કાપડનો માલ ઉધારીમાં સ્વીકારી લીધો હતો. જેમાં રાજેન્દ્રપ્રસાદ (એ.આર. એન્ટરપ્રાઈઝ, ગાજીયાબાદ) રૂપિયા 11,28,705, મોહિત અગ્રવાલ (એમ.કે. ટ્રેડર્સ, પ્રતાપવિહાર, ગાજીયાબાદ) રૂપિયા 10,02,622, સંદીપકુમાર (આસી રીટેઈલ, ગૌતમબુદ્ધનગર, નોઈડા) રૂપિયા 4,19,775, સંદીપકુમાર (મયુરવિહાર, દિલ્હી) રૂપિયા 10,69,721 અને મનિષકુમાર (એમ.એસ. એન્ટરપ્રાઈઝ, ગાંધીનગર, દિલ્હી) રૂપિયા 5,03,900નો માલ લઈ ગયા હતા. આરોપીઓએ માલ સ્વીકાર્યા બાદ શરૂઆતમાં એક-બે હપ્તામાં પેમેન્ટ કરવાની વાત કરી હતી. પરંતુ સમય જતા વિવિધ બહાના બતાવી ઉઘરાણી ટાળી દીધી હતી. ત્યારબાદ ફોન ઉપાડવાનું બંધ કરી મોબાઈલ બંધ કરી દીધા હતા. આ બનાવ અંગે સંતોષકુમાર લાહોટીની ફરિયાદના આધારે વરાછા પોલીસે પાંચેય વેપારીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

# શહેરમાં બેભાન થયા બાદ વધુ 3 યુવકનાં મોત

**અમરોલીમાં** યુવક સૂઈ ગયા બાદ સવારે ઊઠ્યો જ નહીં, પાંડેસરામાં યુવકનું ઢળી પડ્યા બાદ મોત

સુરતઃ શહેરમાં અચાનક બેભાન થતાં મોતનો સિલસિલો યથાવત રહ્યો હતો. બેભાન થયા બાદ શહેરમાં વધુ ત્રણ યુવકના મોત નીપજ્યા હતા. જેમાં પાંડેસરાના 30 વર્ષીય યુવકનું ઢળી પડતા મોત નીપજ્યું હતું, અમરોલીમાં યુવક સુતા બાદ જાગ્યો ન હતો અને ઉનમાં યુવાનને છાતીમાં દુઃખાવો ઉપડ્યા બાદ મોતને ભેટ્યો હતો.

મળતી માહિતી મુજબ મૂળ ઉત્તર પ્રદેશના ફતેપુરના વતની અને હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલા ગણેશનગરમાં રહેતા 30 વર્ષીય નાનકા શિવરામ ચમાર ડ્રાઈવર તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. દરમિયાન શનિવારે સવારે પાંડેસરા પ્રગતિ મિલ પાસે અચાનક ઢળી પડ્યો હતો. જે સાથે તુરંત જ 108ને કોલ કરવામાં આવ્યો હતો. 108ના ઈએમટીએ બેભાન નાનકાને તપાસી મૃત જાહેર કર્યો હતો.

બીજા બનાવમાં મૂળ ઝારખંડના વતની અને હાલ અમરોલી વિસ્તારમાં આવેલા વેદાંત ટેક્સામાં રહેતા ઝુબેર હદીસ અંસારી (ઉ.વ.38) મજૂરી કામ કરી પત્ની અને એક પુત્રી તથા ત્રણ પુત્ર સહિતના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. દરમિયાન શુક્રવારે રાતે જમીને સૂઈ ગયો હતો. ત્યારબાદ શનિવારે સવારે નહીં જાગતા સાથી કામદારો દોડી આવ્યા હતા અને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં ઝુબેરનું મોત નીપજ્યું હતું.

ત્રીજા બનાવમાં ઉન વિસ્તારમાં આવેલી તસ્લીમનગરમાં રહેતા 42 વર્ષીય ગૌતમ ગુલામ રામ મજૂરી કામ કરી ગુજરાન ચલાવતો હતો. દરમિયાન શુક્રવારે બપોરે ઘરે છાતીમાં દુઃખાવો થયો હતો. જે બાદ ગૌતમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ફરજ પર હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ સમગ્ર ઘટનાઓમાં સ્થાનિક પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સહારા દરવાજા પાસે 80 ગ્રામ ગાંજા સાથે બે યુવાન ઝડપાયા

સુરતઃ મહિધરપુરા પોલીસે મસહારા દરવાજાથી ગોલ્ડન પોઈન્ટ તરફ જતા રોડ પર ગોલ્ડન પોઈન્ટ બસ સ્ટોપ નજીક દરોડા પાડી બે યુવાનને ગાંજા સાથે ઝડપી પાડ્યા હતા.

તપાસ દરમિયાન અજય ઉર્ફે પોપી રાજુભાઈ રાઠોડ (ઉ.વ. 28, રહે., ઉમરવાડાનો ટેકરો, સહારા દરવાજા) પાસેથી 80 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, આ ઉપરાંત જયેશ ઉર્ફે ચીમ્પુ જયંતીભાઈ રાઠોડ (ઉ.વ. 24, રહે., એસ.એમ.સી. આવાસ, સરીતાડેરી પાસે, અડાજણ) પાસેથી રોકડા રૂ. 1,700 તથા રૂ. 10,000નો મોબાઈલ ફોન જપ્ત થયો હતો. બંને આરોપીઓ એકબીજાની મદદગારીથી ગેરકાયદે રીતે માદક પદાર્થ રાખતા હોવાની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. પોલીસે કુલ રૂ. 25,700નો મુદ્દામાલ કબજે કરી બંને આરોપીઓને અટકાયત કરી છે.

## મિત્રને મદદ કરવાનું બિલ્ડરને 23.89 લાખમાં પડ્યું

સુરતઃ સરસાણા વિસ્તારમાં મિત્રતાના વિશ્વાસે આપેલા નાણાં બિલ્ડરને ભારે પડ્યા છે. સરસાણા ગામના માસ્ટર મોહલ્લામાં રહેતા અને જમીન લે-વેચનો વ્યવસાય કરતાં હેમંતભાઈ બાલુભાઈ પટેલે તેમના મિત્ર લેખરાજભાઈ રામઅવતાર યાદવ (રહે., શાંતિકુંજ રેસીડન્સી, અડાજણ) સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, લેખરાજ માર્બલનો વેપાર કરે છે અને ધંધામાં નાણાકીય તંગી ઉભી થતાં 15 નવેમ્બર 2023થી 8 મે 2024 દરમ્યાન કુલ 42,45,000 રૂપિયા ઉછીના લીધા હતા. લેખરાજે 18,59,000 રૂપિયા પરત કર્યા હતા. પરંતુ બાકી રહેલા 23,89,000 રૂપિયાની માંગણી કરતા બહાનાબાજી શરૂ કરી દીધી હતી. જે બાદ તેને ચેક આપ્યા હતા. અંતે મોબાઈલ નંબર બ્લોક કરી સંપર્ક તોડી નાખ્યો હતો. જે અંગેની ફરિયાદ આપતા અલથાણ પોલીસે લેખરાજ રામઅવતાર યાદવ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

## સિટીલાઈટમાં એસી સર્વિસ દરમિયાન બ્લાસ્ટ

સુરતઃ સુરતના પોશ ગણાતા સિટીલાઈટ વિસ્તારમાં આવેલા સાયન્સ સેન્ટર પાસેના ઈન્દિરા પેલેસના સાતમા માળે એક ફ્લેટમાં જ્યારે એસી સર્વિસની કામગીરી ચાલી રહી હતી, ત્યારે અચાનક એસીમાં જોરદાર બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટની સાથે જ બેડરૂમમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. ધડાકાના અવાજ અને ધુમાડાના ગોટેગોટા જોઈ ફ્લેટમાં હાજર પરિવારજનો ગભરાઈ ગયા હતા અને સમયસૂચકતા વાપરી તુરંત જ બિલ્ડિંગની નીચે દોડી આવ્યા હતા, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી. આગની જાણ થતાં જ વેસુ અને મજુરા ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ માત્ર 20 મિનિટમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો.

### આજે સાંજે ગાંધીનગરથી સુરત પહોંચશે

# ધો. 12ના પેપર આજે સ્ટ્રોંગ રૂમમાં સીલ થશે

**પાંચ** ઝોનમાં 24 કલાક સીસીટીવી અને પોલીસ બંદોબસ્ત હેઠળ રહેશે

સુરતઃ સુરત જિલ્લાના પાંચેય ઝોનના ક્લાસ-ટુ અધિકારીઓ, ઝોનલ અધિકારીઓ તેમજ પોલીસ સ્ટાફની ખાસ ટીમ આજે ગાંધીનગર રવાના થશે. ત્યાંથી પ્રશ્નપત્રો હસ્તગત કર્યા બાદ રાત્રિ સુધીમાં સુરત પરત આવી તમામ પ્રશ્નપત્રોને નિર્ધારિત સ્ટ્રોંગ રૂમમાં રાખીને સીલ કરવામાં આવશે. પ્રશ્નપત્રો સ્ટ્રોંગ રૂમમાં મુકાયા બાદ 24 કલાક સીસીટીવી કેમેરાની દેખરેખ રહેશે. ઉપરાંત સ્ટ્રોંગ રૂમની બહાર પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

### સોમવારે ધોરણ-૧૦ ના પ્રશ્નોપત્રો લાવી સ્ટ્રોંગ રૂમમાં મુકાશે

સોમવારે ધોરણ 10ના પ્રશ્નપત્રો પણ ગાંધીનગરથી લાવી સુરતના સ્ટ્રોંગ રૂમમાં સીલ કરવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયા ધોરણ 12ની જેમ જ કડક સુરક્ષા અને નિયંત્રણ હેઠળ પાર પાડવામાં આવશે. બોર્ડ પરીક્ષાઓને લઈને જિલ્લા તંત્ર, શિક્ષણ વિભાગ અને પોલીસ વિભાગ વચ્ચે સંકલન સાધી સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે, જેથી પરીક્ષાઓ શાંતિપૂર્ણ અને નિર્વિઘ્ન રીતે યોજાઈ શકે.

## વિપુલ ગણેશવાલાને સસ્પેન્ડ કરાતાં કમલેશ વસાવાને લિંબાયત ઝોનનો ચાર્જ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના વહીવટી માળખામાં મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે, સ્માર્ટ સિટી સેલના સીઈઓ તરીકેની જવાબદારી ડેપ્યુટી કમિશનર સ્વાતિ દેસાઈ સંભાળતા હતા, તેમના સ્થાને ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચને તાત્કાલિક અસરથી સ્માર્ટ સિટી પ્રોજેક્ટના નવા સીઈઓ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. ચર્ચા મુજબ, સ્વાતિ દેસાઈ દ્વારા રાજીનામું પરત ખેંચવાના સંકેતો વચ્ચે તેમનો કાર્યબોજ ઘટાડવાના હેતુથી આ વહીવટી નિર્ણય લેવામાં આવ્યો હોવાનું મનાય છે. બીજી તરફ, લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાથી તેમના ખાલી પડેલા પદનો વધારાનો ચાર્જ કમલેશ વસાવાને સોંપાયો છે.

# હોળાષ્ટકમાં પૂર્વનો પવન શાંતિનું પ્રતિક

**આ** સમયગાળામાં શુભ કાર્યો ટાળવાની પરંપરા છે, લોકો આધ્યાત્મિક ચિંતન, જપ-તપ અને સાવચેતી તરફ વધુ ઝુકે છે

સુરતઃ હિંદુ પંચાંગ મુજબ ફાગણ સુદ અષ્ટમીથી લઈને પૂનમ સુધીના આઠ દિવસને હોળાષ્ટક કહેવાય છે. આ સમયગાળામાં શુભ કાર્યો ટાળવાની પરંપરા છે અને લોકો આધ્યાત્મિક ચિંતન, જપ-તપ અને સાવચેતી તરફ વધુ ઝુકે છે. હોળાષ્ટક દરમિયાન પ્રકૃતિના સંકેતો ખાસ કરીને પવનની દિશા વિશે લોકમાન્યતાઓ પ્રચલિત છે, જે સમાજજીવન અને ધાર્મિક માન્યતાઓ સાથે ગાઢ રીતે જોડાયેલી છે. આધુનિક વૈજ્ઞાનિક દૃષ્ટિએ પવનની દિશા ઋતુચક્ર અને હવામાન પરિવર્તનનો ભાગ છે. તેમ છતાં, પરંપરાગત માન્યતાઓ સામાજિક સંકલન અને ધાર્મિક ભાવનાને મજબૂત બનાવે છે. હોળાષ્ટકમાં પવનની દિશા અંગેની માન્યતાઓ ભલે વૈજ્ઞાનિક પુરાવા પર આધારિત ન હોય, પરંતુ તે સમાજની સંસ્કૃતિ, કૃષિજીવન અને ધાર્મિક ચેતનાનો અગત્યનો અંશ છે.

### પવનની દિશા અને લોકવિશ્વાસ

સમાજમાં માન્યતા છે કે હોળાષ્ટક દરમિયાન ફૂંકાતો પવન આવનારા સમયનું સંકેત આપે છે. આ માન્યતાઓ વિજ્ઞાન આધારિત ન હોવા છતાં લોકપરંપરામાં મજબૂત સ્થાન ધરાવે છે.

**પૂર્વ દિશાનો પવન :** સમૃદ્ધિ, સારો પાક અને સુખ-શાંતિનું સૂચક માનવામાં આવે છે.

**પશ્ચિમ દિશાનો પવન :** આરોગ્ય સંબંધી ચિંતા અથવા અસ્થિરતાનું સંકેત ગણાય છે.

**ઉત્તર દિશાનો પવન :** ઠંડી, રોગચાળો અથવા આર્થિક મંદીની આશંકા સાથે જોડાય છે.

**દક્ષિણ દિશાનો પવન :** અતિવૃષ્ટિ અથવા પ્રાકૃતિક આફતના સંકેત તરીકે વ્યાખ્યાયિત થાય છે. આ માન્યતાઓ ખેડૂતોમાં ખાસ પ્રચલિત છે, કારણ કે તેઓ પવન અને ઋતુપરિવર્તનને કૃષિ સાથે સીધા જોડે છે.

### સામાજિક અસરો

- **શુભ કાર્યોમાં વિરામ :** સમાજમાં લગ્ન-મંગલકાર્ય અટકાવવામાં આવતા હોવાથી સામાજિક ગતિવિધિઓમાં થોડી મંદી જોવા મળે છે.
- **આધ્યાત્મિકતા તરફ ઝુકાવ :** લોકો મંદિર દર્શન, દાન-ધર્મ અને જપ-તપમાં વધુ સમય આપે છે.
- **પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ :** પવન અને ઋતુપરિવર્તન અંગેની ચર્ચાઓથી લોકોમાં પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા વધે છે.
- **લોકસાહિત્ય અને પરંપરા :** હોળાષ્ટકને લઈને કહેવતો, ભજન અને લોકગીતો પ્રચલિત છે, જે સંસ્કૃતિને જીવંત રાખે છે.

### ધાર્મિક દૃષ્ટિકોણ ,ગ્રહોની ઉગ્ર સ્થિતિ

હોળાષ્ટક દરમિયાન ગ્રહોની ઉગ્ર સ્થિતિ માનવામાં આવે છે, તેથી લગ્ન, ગૃહપ્રવેશ જેવા શુભ કાર્યો ટાળવામાં આવે છે. આ સમયગાળામાં ભક્તો ભગવાન વિષ્ણુ અને શિવની આરાધના કરીને શાંતિ અને કલ્યાણ માટે પ્રાર્થના કરે છે. હોળાષ્ટકનો પર્યવસાન હોળીના પર્વ સાથે થાય છે, જેમાં દુષ્ટતાના નાશ અને સદગુણોના વિજયનો સંદેશ આપવામાં આવે છે. પવનની દિશાને કેટલાક લોકો હોળી દહનના સમયે પણ ધ્યાનમાં લે છે અને તેને વર્ષના ભાગ્ય સાથે જોડે છે.

# પેમેન્ટ બાદ ઓર્ડર કેન્સલ કરનાર ફ્લિપકાર્ટે દસ હજાર વળતર ચૂકવવું પડ્યું

**એડવોકેટ** ઈશાન શ્રેયસ દેસાઈએ કંપનીનાં મનસ્વીપણા સામે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી

સુરતઃ લેપટોપનો ઓર્ડર મેળવ્યા બાદ લેપટોપની ડિલિવરી કરવાને બદલે ઓર્ડર કેન્સલ કરતાં એડવોકેટ ઈશાન શ્રેયસ દેસાઈએ Flipkart India Pvt. Ltd. વિરુદ્ધ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મુખ્ય)માં ફરિયાદ કરતાં ફ્લિપકાર્ટએ સમાધાનમાં ૧૦ હજારનું વળતર ચૂકવતાં ફરિયાદ પરત ખેંચી લેવાય હતી. નવા ગ્રાહક સુરક્ષાધારા અન્વયે E-Commerce અને Online Shopping ના વ્યવહારોનો પણ કાયદામાં સમાવેશ કરવામાં આવ્યો છે આવા જ એક E-Commerce સંબંધિત નોંધપાત્ર કેસમાં એડવોકેટ ઈશાન શ્રેયસ દેસાઈ E-Commerce વેબસાઈટ Flip Kart India Pvt. Ltd. ને Apple MacBook Air લેપટોપનો ઓર્ડર નોંધાવીને અને વેચાણ કિંમતની જરૂરી રકમ UPI થી ચૂકવ્યા બાદ Flip Kart India Pvt. Ltd. દ્વારા લેપટોપની ડિલિવરી આપવાને બદલે ગ્રાહકને જાણ કર્યા વગર ઓર્ડર કેન્સલ કરી વેચાણ કિંમત રિફંડ કરી હતી. જેથી ગ્રાહક ફરિયાદ કમિશન સમક્ષ Flip Kart India Pvt. Ltd. દ્વારા ગ્રાહકને રૂા.૧૦,૦૦૦નું વળતર ચૂકવી આપવા ફરિયાદ કરી પડકારમાં આવી હતી.